"વ્હાલી દિકરી" યોજનાની
જોગવાઈઓમાં સુધારા કરવા
બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: મસક/૧૩૨૦૧૯/૧૧૮૧/અ(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૦૪/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ નો તા.૧૯/૧૧/૨૦૧૯નો સમાન ક્રમાંકના ઠરાવ ક્રમાંક:- મસક/૧૩૨૦૧૯/૧૧૮૧/અ(પા.ફા.)

(૨)સામાન્ય વહીવટ વિભાગ નો તા.૨૫/૧૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: વહસ/૧૦૨૦૨૧/૪૩૫/વસુતાપ્ર-૨

(૩) કમિશનર મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરીના તા. ૨૪/૦૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક:- કમબ/વઅસ/૧૫૦૪૫

ઠરાવ

વંચાણે લીધેલ ક્રમાંક (૧) હેઠળના ઠરાવથી "વ્હાલી દિકરી" યોજના રાજયમાં અમલી બનાવવામાં આવેલ છે વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી રાજય સરકારની વિવિધ વિભાગો અન્વયે આપવામાં આવતી સેવાઓ માટે એફિડેવિટની પ્રક્રિયા રદ કરીને સ્વઘોષણા (self declaration)ની પ્રક્રિયા અમલમાં મુકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) હેઠળના પત્રથી કમિશનર, મહિલા અને બાળ વિકાસની કચેરીએ ઉકત યોજનાની જોગવાઈમાં સુધારો કરવા દરખાસ્ત કરેલ જે અંગે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

"વ્હાલી દિકરી" યોજના વંચાણે લીધેલ (૨) હેઠળના ઠરાવના મુદ્દા નં-સી (૫) માં ક્રમાંક (ડ)માં દર્શાવેલ નિયત નમુનામાં સક્ષમ અધિકારી સમક્ષ કરેલ દંપતિનું સોગંદનામા ને બદલે આ ઠરાવની સાથે સામેલ અનુસુચિ મુજબ રજૂ કરવાનું રહેશે સ્વઘોષણા (self declaration) વંચાણે લીધેલ ક્રમાંક (૧) હેઠળના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સરસ્વતી પટેલ)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

બિડાણ:- અનુસુચિ

(પાછળ)

પ્રતિ.

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી.મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર. .
- એકાઉન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- અધિક કમિશનરશ્રી (મહિલા વિંગ), કમિશનરશ્રી, બ્લોક નં-૨૦ ડૉ.જીવરાજ મહેતા ભવન મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે મહિલા અને બાળ અધિકારીશ્રીઓ
- સર્વે પ્રોગ્રામ ઓફિસરશ્રી/સીડીપીઓશ્રી

} અધિક કમિશનરશ્રી (મહિલા કલ્યાણ) મારફત

- સિલેકટ ફાઈલ

## વ્હાલી દિકરી યોજના

## ઠરાવ ક્રમાંક:મસક/૧૩૨૦૧૯/૧૧૮૧/અ(પા.ફા.) નું બિડાણ

## અનુસુચિ

## સ્વ ઘોષણા (Self-Declaration) નો નમુનો

આથી હું નીચે સહી કરનાર (પુરૂં નામ) .............................................ઉ.વ. ...........................જિલ્લાના.................તાલુકાના..................ગામશહેરના રહેવાસી આથી જાહેર કરૂં છું કે મારા દ્વારા આપવામાં આવેલ માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે. અને તેમાં કોઈ બાબત છુપાયેલ નથી. હું એ જાણું છું કે, ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે. અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે દસ્તાવેજના આધારે મને મળેલ લાભ રદ થવા પાત્ર છે.

સહી.........................................

પુરૂં નામ...........................................................

આધાર કાર્ડ/ઓળખના પુરાવાનો નંબર........................